ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ લોકો... બધી જ જાતના પોલ્યુશનની વાત કરે છે... પણ કોઈ હોમવર્ક પોલ્યુશનની ચર્ચા જ નથી કરતા....

# આજથી શાળા પરિસરોમાં બાળકોનો કિલ્લોલ ગુંજશે

ગાંધીનગર, તા.૨૯

આવતીકાલે સોમવારે પરંપરાગત ૨૧ દિવસનું દિવાળી વેકેશન પૂર્ણ થતાં ગાંધીનગર સહિત રાજયભરની શાળા-કૉલેજોમાં દ્વિતીય શૈક્ષણિક સત્રનો આરંભ થશે. આ સાથે જ પુનઃ શાળા-કૉલેજમાં બાળકો વિદ્યાર્થીઓનો કિલ્લોલ ગુંજશે. લાંબા વેકેશન બાદ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાના શૈક્ષણિક કાર્યમાં પરોવાઈ જશે.

ગુજરાત રાજયમાં દર વર્ષે પરંપરાગત ૨૧ દિવસનું દિવાળી વેકેશન પાળવામાં આવે છે.

**શાળા શરૂ થવાના તથા છુટવાના સમયે ટ્રાફિકમાં વધારે જણાશે, બાળકો શાળાના મિત્રો સાથે દિવાળી વેકેશનની યાદો વાગોળશે**

દિવાળીના આ વેકેશનમાં તમામ શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવે છે. બાળકોને શાળા-કૉલેજમાંથી લાંબી રજાઓ મળતા મોજમસ્તી અને આનંદમાં ખોવાઈ જાય છે.

આવતીકાલ સોમવારને ૩૦મી નવેમ્બરે રાજયભરમાં દિવાળી વેકેશન પૂર્ણ થતાં રાજયની શાળા-કૉલેજોમાં બીજા શૈક્ષણિક સત્રની શરૂઆત થશે. લાંબી દિવાળી વેકેશન બાદ સોમવારથી શાળા-કૉલેજમાં બાળકોનો કિલ્લો જોવા મળશે. બીજી તરફ આજથી આરંભાતા શૈક્ષણિક સત્ર માટેના ચોપડા અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી માટે પણ બજારમાં ભીડ જોડવા મળી રહી છે.

ગાંધીનગર શહેર જિલ્લાની તમામ શાળા-કૉલેજમાં ફરી ધમધમાટ શરુ થશે. વિદ્યાર્થીઓ પણ દિવાળી વેકેશનની મજા-મસ્તી અને અનુભવો વિદ્યાર્થીઓ એકબીજા સાથે વર્ણવા થનગની રહ્યા છે.

સોમવારથી ગાંધીનગર જિલ્લાની તમામ-શૈક્ષણિક સંસ્થાઓ રાબેતા મુજબ શરુ થઈ જશે. જયારે નગરની કેટલીક શાળાઓ તો ૧૦ દિવસ અગાઉથી જ શરુ થઈ ગઈ હતી.



સોમવારથી શાળા-કૉલેજોના દ્વિતિય સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. શિયાળાનો પણ સાથે સાતે પ્રારંભ થઈ ચુક્યો છે. હવે તો શાળાના યુનિફોર્મ મુજબના જ સ્વેટર-ટોપી પહેરવા પડે તેવા નિયમો બની ચૂક્યાં છે. છેલ્લાં બે દિવસથી ઠંડીએ એકાએક ચમકારો બતાવતા મા-બાપને યાદ આવ્યું કે તેમનું સંતાન શાળાએ જશે ત્યારે ટાઢથી રક્ષણ અપાવવા યુનિફોર્મ મુજબનું સ્વેટર લાવવું પડશે. છેવટે રવિવારની રજાનો ઉપયોગ વાલીઓએ પોતાના બાળક માટે સ્વેટરની ખરીદી કરવા માટે કર્યો જેના કારણે નગરના સ્વેટર બજારમાં ભીડ જોવા મળી હતી. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## ખૂણે ખાંચરેથી...

● આજે ભારતના રાષ્ટ્રપતિ પ્રણ મુખરજી ગાંધીનગરના અતિથિ બનવાના છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઠંડીનો ચમકારો વધ્યો છે.

● ગાંધીનગર શહેરમાં લીલા શાકભાજીની મોટી આવક થતાં ભાવોમાં થોડોક ઘટાડો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મતદાન બપોરના સમયે વધુ નોંધાયું છે.

● પેથાપુર ગામમાં પાણીની ગટર લાઈનોના લિકેજીસની ફરિયાદો ઉઠવા પામી છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં લગ્નસરાની મોસમ જામી રહી છે.

● જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ આજથી પુનઃ ધમધમતી થઈ જશે.

## જર્મી દ્વારા રૂફટોપ ફોટોવોલેટીક ઈન્સ્ટોલર્સ માટે નેશનલ સર્ટિફિકેશન પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ ગાંધીનગરમાં રૂફટોપ ફોટોવોલેટીક ઈન્સ્ટોલર્સને તાલીમ આપતો સૌ પ્રથમ નેશનલ સર્ટિફિકેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલિમ કાર્યક્રમ તા. ૩૦ નવેમ્બરથી ૧૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી ચાલશે અને તે ખાસ કરીને રૂફટોપ સોલર સિસ્ટમ ઈન્સ્ટોલ કરનારને શિખવવા માટેનો પ્રથમ દેશવ્યાપી કાર્યક્રમ બની રહેશે.

ભારત સરકારે સૌર ઉર્જાનો લક્ષ્યાંક ૨૦ ગીગા વોટથી વધારીને ૧૦૦ ગીગા વોટ કર્યો છે જેમાંથી ૪૦ ગીગાવોટનું યોગદાન રૂફટોપ સોલર સિસ્ટમ મારફતે મળશે. આ લક્ષ્યાંક પુરો કરવામાં સહયોગ આપવા માટે ભારતને વર્ષ ૨૦૨૨ સુધીમાં અંદાજે ૧૩ લાખ ટેકનીશીયનની જરૂર પડશે. વ્યાપક સ્તરના ગ્રીડ કનેકટેડ સોલર પાવર પ્રોજેકટસ માટે ગુણવત્તાનું આકરૂ નિયંત્રણ જરૂરી બનશે. હાલમાં રૂફટોપના ક્ષેત્રે નબળી તાલિમ પામેલા ટેકનિશ્યનને કારણે ગુણવત્તાનો અભાવ વર્તાઈ રહ્યો છે.

આ તાલિમ કાર્યક્રમ હેઠળ આગામી પાંચ વર્ષ સુધી દેશમાં દર વર્ષે ૧૦,૦૦૦ રૂફટોપ સોલર ટેકનિશ્યનની અને ૧૦૦ અધિકૃત તાલિમ કેન્દ્રો સ્થાપવાની જરૂર પડશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ દેશમાં અધિકૃત તાલિમ કેન્દ્રો સાથે સંકળાયેલા ટ્રેઈનર્સનું નેટવર્ક સ્થાપવાનો છે.

## સંતુલિત વિકાસ માટેની કોંગ્રેસની કટિબદ્ધતા દોહરાવતા ભરતસિંહ સોલંકી

ગાંધીનગર, તા. ૨૯

૩૧ જીલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકામાં મોટી સંખ્યામાં મતદાતાઓએ પોતાના મતના અધિકારનો કરેલ ઉપયોગ બદલ આભાર વ્યકત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગેસ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, લોકશાહીના આ પર્વમાં તમામ મતદારો પોતાના મત અધિકારનો ઉપયોગ કરે તે લોકતંત્ર માટે જરૂરી છે. મતદાતાઓને મતનો અધિકાર બંધારણીય અધિકાર-મૂળભૂત અધિકાર છે. રાજ્યના ગ્રામ્ય, તાલુકા અને જીલ્લાનો સંતુલિત વિકાસ થાય તે માટે કોંગ્રેસ પક્ષ કટિબદ્ધ છે. કમનસીબે ગુજરાતની ભાજપ સરકાર ચુંટણી જીતવા માટે વિવિધ હથકંડા અપનાવે છે. આજે જયારે રાજ્યના ૩૧ જીલ્લા, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકામાં મતદાતાઓના મોટી સંખ્યામાં નામો કોઈપણ પ્રકારની મતદાતાઓને જાણ કર્યા વિના બારોબાર કમી કરી નાંખવામાં આવ્યા હતા. આ અંગે તપાસ કરતાં પ્રથમ દ્રષ્ટીએ જણાય છે કે, ચુંટણી પંચ પોતાની બંધારણીય ફરજ બજાવવાને બદલે ભાજપ પક્ષને મદદરૂપ થાય તે પ્રકારે કામગીરીનું પુનરાવર્તન કર્યું છે.

૩૧ જીલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકામાં થયેલ ભારે મતદાન કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને જન સમર્થન, જન આશીર્વાદ દેખાઈ રહ્યો છે. ગુજરાતમાં પંચાયતી રાજના પુનઃસ્થાપન માટે કોંગ્રેસ પક્ષ પ્રતિબદ્ધ છે.

# લઘુત્તમ તાપમાન થોડુંક ઘટ્યું, પરંતુ ઠંડી યથાવત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલી ઠંડી યથાવત રહી છે. લઘુત્તમ તાપમાન સહેજ ઘટ્યું છે પરંતુ હજુ વાતાવરણમાં સારી એવી ઠંડક અનુભવાઈ રહી છે.

ડિસેમ્બર નજીક આવતા જ ઠંડીનો માહોલ જામતો જાય છે. છેલ્લા કેટલાક દિવસોથી સમગ્ર ગુજરાતમાં સારી એવી ઠંડી પડી રહી છે. ગાંધીનગરમાં તેની અસર વધુ અનુભવાઈ રહી છે. વાહનોની અવરજવર ઓછી રહેતા અને વૃક્ષોના કારણે ઠંડક વધુ અનુભવાય છે. ગઈકાલે ૧૨.૫ ડિ.સે. લઘુત્તમ

**છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં સતત પડી રહેલી ઠંડી : લઘુત્તમ તામપાન બે ડિગ્રી જેટલું ઘટીને ૧૪ ડિગ્રી નોંધાયું**

તાપમાન સાથે મૌસમની સૌથી ઓછી ઠંડી અનુભવાઈ હતી. જયારે આજે લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું વધતા લઘુત્તમ તાપમાન ૧૪ ડિ.સે. નોંધાયું હતું. તાપમાનમાં સહેજ વધારો થયો હોવા છતાં ઠંડકનું પ્રમાણ જળવાયું હતું. કેટલાક ઘરોમાં તો પંખા સાવ બંધ થઈ ગયા છે. શાલ-સ્વેટર, જેકેટને કબાટમાંથી બહાર કાઢવાની ફરજ પડી છે. ગરમ વસ્ત્રોના તીબેટીયન બજારમાં ઠંડીના ચમકારાને કારણે ભીડ જોવા મળી હતી. શાલ, સ્વેટર, જેકેટ અને નાના બાળકોના ગરમ વસ્ત્રોની ખરીદી વધુ થતી જોવા મળી હતી. ઝુંપડપટ્ટી વિસ્તારમાં ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓ તાપણું સળગાવી ઠંડીથી રાહત મેળવતા નજરે પડયા હતા. આગામી દિવસોમાં હજુ ઠંડી વધુ તીવ્ર બનવાની આગાહી કરવામાં આવી છે ત્યારે વસાહતીઓ ઠંડીથી રક્ષણ મેળવવાના ઉપાયો શોધી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૩૧.૫ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૪૪ ટકા અને સાંજે ૩૯ ટકા રહ્યું હતું.

## રાજયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉત્સાહજન અને શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન

ગાંધીનગર, તા.૨૯

રાજયમાં આજે યોજાયેલા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં નગરપાલિકા, જિલ્લા પંચાયતોની ચૂંટણી મતદાનમાં રાજયના મતદારોએ ઉત્સાહપૂર્ણ મતદાન કરીને લોકશાહીની આ પાયાની સંસ્થાઓમાં ચૂંટણી પ્રક્રિયાને સારો પ્રતિસાહ આપ્યો છે, તે માટે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજયના સૌ મતદારોનો આભાર વ્યક્ત કર્યો છે.

વિકાસની રાજનીતિને પ્રાધાન્ય આપીને ક્યાંય કોઈ અનિચ્છનીય બનાવ કે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થયા વગર રાજયમાં આ ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે તેનો હર્ષ પણ તેમણે વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા સૌ કર્મયગીઓ, અધિકારીઓની ફરજ નિષ્ઠા અને કાર્યદક્ષતાની પણ સરાહના કરી છે.

## વાવોલમાં શાંતિપૂર્ણ મતદાન

ગાંધીનગર તા.૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની વાવોલ બેઠક માટે આજે મતદાન યોજાયું હતું. વહેલી સવારથી ચાલુ થયેલું મતદાન સંપૂર્ણ શાંતિપૂર્ણ રહ્યું હતું.

વાવોલની અનામત બેઠક પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે કશ્મકશનો જંગ મંડાયો છે. ભાજપના દિવાળીબેન ખાતરાભાઈ ડામોર ઉર્ફે દક્ષાબેન સામે કોંગ્રેસના જવસિંહભાઈ દલાભાઈ ચારેલે ઉમેદવારી નોંધાવી છે. સવારે ૮ વાગ્યાથી ચાલુ થયેલ મતદાનમાં મતદારો સવારથી મતદાન મથકો પર ઉમટી પડ્યા હતા. વાવોલમાં ગ્રામ પંચાયત કચેરી, સરકારી પ્રાથમિક શાળા, આંગણવાડી તથા એમ. ડી. શાહ પ્રાથમિક શાળા ખાતે મતદાન યોજાયું હતું. વાવોલ ગામના રહીશો તથા નવા વિકસેલ સોસાયટી વિસ્તારના રહીશોએ ઉત્સાહપૂર્વક મતદાનમાં ભાગ લીધો હતો. જો કે તમામ મતદારો છૂટાછવાયા મતદાન કરવા આળતા મતદાન પ્રક્રિયા નીરસ બની જવા પામી હતી. બપોર પછી ભાજપ તથા કોંગ્રેસના કાર્યકરોએ મતદાનમાં બાકી રહી ગયેલા મતદાતાઓને ઘરે ઘરે જઈને મતદાન કરવા આગ્રહ કર્યો હતો તેથી સાંજના સમયે મતદાનમાં થોડીઘણી ભીડ જોવા મળી હતી.

ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ના બને તે માટે પોલીસતંત્ર દ્વારા પૂરતા પગલા લેવાયા હતા અને ભાગોળ વિસ્તારમાં દિવસભર પોલીસની હાજરી ખડેપગે રહેવા પામી હતી. આ ઉપરાંત તમામ મતદાન મથકો પર પણ હથિયારધારી પોલીસ ખડેપગે તૈનાત જોવા મળી હતી.

## સરકારથી ખફા આજોલનાં પાટીદારોએ મતદાન જ ના કર્યું

ગાંધીનગર, તા. ૨૯

મતદાનમાં દિવસે માણસા તાલુકાનાં આજોલ ગામમાં પાટીદાર અનામત આંદોલનની ઈફેક્ટ જોવા મળી હતી. આંદોલન દરમિયાન સરકારના રીએકશનથી ખફા થયેલ પાટીદારો મતદાનથી અળગા રહ્યા હોવાની માહિતી બિનસત્તાવાર રીતે મળી છે તો બીજી તરફ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી બંનેએ ગોઝારીયાને અલગ તાલુકો બનાવવાની જાહેરાત કર્યા બાદ પણ હજુ સુધી તાલુકાનો દરજ્જો ન અપાતા ગોઝારીયામાં મતદારોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. ગોઝારીયામાં માત્ર ત્રણ મતો પડ્યા છે.

**ગોઝારીયાને તાલુકાનો દરજ્જો ન મળતા નાગરીકોએ ચૂંટણી બહિષ્કાર કર્યો; માત્ર ત્રણ જ મત પડ્યા...!**

માણસા તાલુકાના આજોલ ગામમાં અનામત આંદોલનની ઈફેક્ટ જોવા મળી છે. આજોલ ગામના પાટીદારોએ બપોર સુધી એક પણ મત આપ્યો ન હતો. બિનસત્તાવાર મળતી માહિતી મુજબ બપોર બાદ પણ પાટીદારોએ મતદાનનો બૉયકોટ કરીને એક પણ મત આપ્યો ન હતો. તે ઉપરાંત મહેસાણા જિલ્લાના ગોઝારીયાને તાલુકાનો દરજ્જો આપવાની જાહેરાત પ્રધાનમંત્રી તથા મુખ્યમંત્રી કરી ચૂક્યા હતા છતાં આજદિન સુધી ગોઝારીયાને તાલુકા પ્લેસ બનાવવામાં આવ્યું નથી અને તાલુકાનો દરજ્જો પણ આપવામાં આવ્યો નથી. જેને પગલે સરકારથી નારાજ થયેલા ગોઝારીયાવાસીઓએ મતદાનનો બહિષ્કાર કરીને પોતાની નારાજગીની અભિવ્યક્તિ કરી હતી. મળતી માહિતી મુજબ ગોઝારીયામાં માત્ર ત્રણ જ મતદારોએ વોટિંગ કર્યું છે. જેની અસર પરિણામમાં સીધી નજરે ચઢશે...!

## સ્થાનિક પ્રશ્નોને લઈ કેટલાક ગામોમાં લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીમાં આજે યોજાયેલાં મતદાન દરમિયાન કેટલાક ગામ લોકોએ સ્થાનિક પ્રશ્નોને લઈને તો કેટલાક તાલુકામાં અનામત આંદોલનને પગલે મતદાનનો બહિષ્કાર કર્યો હોવાનું જાણવા મળે છે. ખાંભા તાલુકાના ભામાણી ગામમાં નબળી આંતર માળખાકીય સુવિધાઓ અને રસ્તાના પ્રશ્ને ગામ લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો હોવાનું જાણવા મળે છે.

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના હુંબાપાડા ગામમાં પણ લોકોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે. જયારે મહેસાણા જિલ્લાના ગોઝારીયામાં પણ મતદારોએ મતદાનનો વિરોધ કરતાં ૧૦ મતદાન મથકોમાં એક પણ મત પડવા પામ્યો નથી. આ ઉપરાંત જસદણ તાલુકાના લાલાવદરમાં પણ લોકોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હોવાનું જાણવા મળે છે.

## ચિલોડામાં ૧૦૨ વર્ષની વયની વૃદ્ધ મહિલાએ મતદાન કર્યું

ચિલોડા, તા.૨૯

ચિલોડા (ડ) જિલ્લા પંચાયતની બેઠક પર ચિલોડા ગામના ૧૦૨ વર્ષના વૃદ્ધ મહિલાએ ઉત્સાહભેર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. માજી સરપંચ સ્વ. હસનભાઈ મનસુરીના ધર્મપત્ની વૃદ્ધ મહિલા ફતુબેન હસનભાઈ મનસુરીએ મતદાન કરી ગ્રામજનોમાં મતદાન કરવા પ્રત્યે ઉત્સાહ વધાર્યો હતો. વૃદ્ધ મહિલા ફતુબેન મનસુરીના પુત્ર યાકુબભાઈ મનસુરી પણ રાજકીય આગેવાન રૂપે સક્રિય કામગીરી કરી રહ્યા છે.

ચિલોડા (ડ)ની બેઠક પર ચિલોડા ખાતે ત્રણ બુથ પર સવારે ૮ વાગ્યાથી મતદારો મતદાન કરવા ઉત્સુક બન્યા હતા. જેમાં ગામના અપક્ષ ઉમેદવાર જયંતિભાઈ પટેલના સમર્થકો, ટેકેદારો અને કાર્યકરો દ્વારા વધુ મતદાન થાય તેવો સક્રિય રસ દાખવ્યો હતો.

આ મતદાન મથક પર વૃદ્ધ




અને અસશક્ત મહિલાઓ પણ મતદાન કરવા ઉત્સાહી બન્યા હતા. વિકલાંગ મતદારો પણ મતાધિકારનો ઉપયોગ કરવા તત્પર બન્યા હતા. આમ આલમપુર, દશેલા, ચિલોડા, છાલા, ડભોડા, લવારપુર, વડોદરા, પ્રાંતિયા મતદાન મથકો પર મતદારોએ ઉત્સાહપૂર્વર મતદાન કરવા રસ દાખવ્યો હતો.

આમ જે તે બેઠક પર સ્તાનિક ઉમેદવારો દ્વારા વધુ મતદાન થાય તેવા પ્રયત્નો આદરી એડીચોટીનું જોર લગાવ્યું હોવાનું જાણવા મળે છે.

## કોલવડા બેઠક પર ઉત્સાહપૂર્ણ મતદાન

ગાંધીનગર તા.૨૯

આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ગાંધીનગર જિલ્લા પંચાયતની કોલવડા બેઠકના ઉમેદવારોએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. મતદાન હોવાથી ગામોમાં ભારે ચહલ-પહલ જોવા મળી હતી. મતદાન મથક સુધી મતદારોને લાવવા - મૂકવા રીક્ષાઓ દોડાદોડ કરતી જોવા મળી હતી. મતદાન મથકે મતદારોની લાંબી લાઈનો સર્જાઈ હતી. મતદાન પ્રક્રિયા પૂર્ણ થતાં ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ.માં સીલ થઈ ગયું છે. ત્યારે છેલ્લા ઘણા દિવસથી રાત - દિવસ ચૂંટણીમાં પ્રચાર અર્થે ફરતા કાર્યકરોએ મતદાન પૂર્ણ થતાં રાહતનો શ્વાસ લીધો છે. સવારથી શરૂ થયેલું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું છે.

કોલવડા બેઠક પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો માટે પ્રતિષ્ઠાનો જંગ છે. આ બેઠક પર ભાજપના ઉષાબેન પટેલ સામે કોંગ્રેસના સોનલબેન પટેલ છે. આ બેઠક કબ્જે કરવા બંને ઉમેદવારોએ જોરશોરથી પ્રચાર કર્યો છે. આ બેઠક ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ છે. કારણ કે કોલવડા ગામ ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલનું ગામ છે. જયારે કોંગ્રેસના ઉમેદવાર સોનલબેન પટેલ રૂપાલ ગામના છે. તે જ ગામના શહેર ભાજપ પ્રમુખનું છે. આ બેઠક પર સૌની મીટ મંડાઈ છે. ત્યારે આ બેઠક માટે સવારે ૮ વાગ્યાથી શરૂ થયેલા મતાદનમાં કોલવડા, રૂપાલ સહિતના ગામના મતદારો મતદાન મથકે આવી પહોંચ્યા હતા. સરકારી શાળામાં યોજાયેલ મતદાન પ્રક્રિયામાં મોટી સંખ્યામાં મતદારો આવતા લાંબી લાઈનો જોવા મળી હતી. બને પક્ષના કાર્યકરો મતદારોને મતદાન મથક સુધી લાવવા - મૂકવા રીક્ષા અને ગાડીઓ ગામમાં દિવસ દરમિયાન ફરતી જોવા મળી હતી. કોલવડા બેઠકના મતદારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સવારે થોડી ભીડભાડ બાદ બપોરે મતદાન મથકો સૂના પડ્યા હતા. બાદમાં બપોરે પાછો મતદારોનો ધસારો જોવા મળ્યોહતો. મતદાન હોવાથી ગામોની ભાગોળે મોટી સંખ્યામાં મતદારો એકઠા થતાં ચૂંટણીનું વાતાવરણ જામ્યું હતું. ઉમેદવારોએ પોતાના કાર્યકરો માટે ચા-નાસ્તાની પણ વ્યવસ્થા કરી હતી. સામસામે બેસેલા કાર્યકરો બપોરે જોડે બેસી રાજકીય વાતાવરણ ભૂલી જઈને જોડે બેસીને નાસ્તો કરતા પણ નજરે પડ્યા હતા. ચૂંટણી દરમિયાન અનિચ્છનિય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## આખરે નંદા ઓટોમોબાઈલ્સે જુનું બાઈક પરત લઈ નવું આપવું પડયું

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે આવેલ હિરો નંદા ઓટોમોબાઈલ્સ ગરીબ યુવાન સામે ઘુંટણીયે પડી ગઈ. આ કિસ્સામાં સત્યની જીત થઈ છે. દિવાળીના ટાણે દસ દસ રુપીયા ભેગા કરીને બાઈક લેવા ગયેલા યુવાનને નંદા ઓટોમોબાઈલ્સે જુનું બાઈક પધરાવ્યું હતું. આ બાઈક ચા ની કિટલીવાળો બાઈક નંદામાં પરત મુકી આવ્યો હતો. નંદાએ પોતાની ભુલનો આડકતરી રીતે સ્વીકાર કરીને દસ દિવસ બાદ યુવાનને બાઈક બદલી આપીને પોતે ખોટો હોવાનું સાબિત થયું છે. પરંતુ શહેરના બાઈક લેવા ઈચ્છુક ગ્રાહકો માટે આ કિસ્સો લાલબતી સમાન છે.

ગાંધીનગર શહેર નજીક આવેલા ઈન્દ્રોડા ગામના યુવાન રોહીત રમેશભાઈ રાવળ દિવાળીના દિવસે શહેરના હિરોના શો રુમ નંદા ઓટોમોબાઈલ્સમાંથી બાઈકની ખરીદી કરી હતી. પરંતુ નંદાવાળાએ ગરીબ યુવાનને છેતરીને પડી રહેલું બાઈક ભટકાડી દીધુ હતું. પરંતુ બાઈક ક્ષતિવાળુ અને જુનું હોવાના આક્ષેપ સાથે યુવાને બાઈક બદલી આપવા આજીજી કરી હતી. ટસના મસ ન થતાં નંદાના સંચાલકો આખરે બાઈક નહિ જ બદલી આપીએ રીપેર કરી આપીશું કહીને યુવાનને તગેડી મુક્યો હતો. લાચાર થઈ ગયેલા યુવાને આખરે પોતાનું બાઈક નંદામાં મુકી દીધુ અને ગ્રાહક સુરક્ષાના શરણે થઈ ગયો હતો. ઘટનાની જાણ ગાંધીનગર સમાચારને થતા છેતરાયેલા યુવાનની આપવીતી સમાચાર સ્વરુપે પ્રસિધ્ધ થઈ હતી. અહેવાલને પગલે નંદા ઓટોમોબાઈલ્સે ચા ની કિટલીવાળા યુવાનને બે દિવસમાં બાઈક બદલીને આપી દઈશ તેમ આશ્વાસન આપ્યું હતું. અંતે દસ દિવસની મેરેથોન ચર્ચા કર્યા પછી તેમજ આડકતરી રીતે પોતાની ભુલ સ્વીકારીને યુવાનને બાઈક બદલીને નવું આપ્યું હતું. આખરે સચ્ચાઈનો વિજય થયો છે. પરસેવાની કમાણીથી ખરીદેલું બાઈક નવું થઈ પાછુ આવતા યુવાન ખુશ થઈ ગયો હતો.